# સમવસરણ

==================================================================

✍ સેજલ કામદાર
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

======================================================================

# એવી એક જગ્યા સમવસરણ



# એવી એક જગ્યા સમવસરણ........

એ સ્થાન જ્યાં પરમાત્માના સર્વોત્કૃષ્ટ પુણ્યના પ્રતાપે જગતનાં બધાં આશ્ચર્યો એકસાથે જોવા મળે.

એક એવી જગ્યા જ્યાં પરમાત્માની પવિત્ર વાણી સાંભળવા મળે...

એક એવી દિવ્ય જગ્યા જ્યાં positive vibrationsની અનુભૂતિ થાય...

જ્યાં મનુષ્ય પણ આવે, દેવતા પણ આવે અને પશુ-પક્ષીઓ પણ આવે...

જ્યાં સર્વ જીવો પોતાનાં વેર ભૂલી જાય...

જ્યાં આવ્યા પછી જવાનું મન જ ન થાય

એ પાવન જગ્યા સમવસરણ!

સમ : સમતાના ભંડાર એવા ભગવાન

શરણ : જ્યાં જ્ઞાન સાથે શાંતિ અને સમાધિ મળે એવું પવિત્ર સ્થાન... શરણ!

### સમવસરણની રચના શા માટે?

દેવલોકના દેવો! જેમને પરમાત્મા પ્રત્યે અત્યંત ભક્તિભાવ છે તેઓ પોતાના હૃદયના ભાવોને પરમાત્માના ચરણમાં અર્પણ કરવાની ઈચ્છા રાખે છે. જે સ્થાન ઉપર પરમાત્મા બિરાજમાન થાય છે એ સ્થાન જગતમાં સર્વશ્રેષ્ઠ હોય છે. જેઓ અલ્પજ્ઞાની છે તેઓ આ પ્રકારના આકર્ષણથી આકર્ષિત થઈને સમવસરણમાં આવે છે, પરમાત્માનાં દર્શન કરે છે, પરમાત્માની વાણી સાંભળે છે અને સાચું જ્ઞાન પામે છે, ધર્મને પામે છે અને આત્માનું કલ્યાણ કરે છે.

### સમવસરણની રચના ક્યારે થાય છે?

જ્યારે પરમાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારે દેવલોકના દેવો ૪૮ મિનિટથી પણ ઓછા સમયમાં સમવસરણની રચના કરે છે.

તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાન પ્રગટ થયું એની ખબર સૌપ્રથમ દેવતાઓના રાજા ઈન્દ્રને પડે છે. પરમાત્માન કેવળજ્ઞાન પ્રગટ થતાં જ તેમનું સિંહાસન ચલાયમાન થાય છે. ઈન્દ્ર પોતાના અવધિજ્ઞાન વડે જાણે છે કે પરમાત્માને ધરતી પર કેવળજ્ઞાન પ્રગટ થયું છે ત્યારે તેઓ તરત જ પરમાત્માની સમીપ આવીને પરમાત્માને વંદન-નમસ્કાર કરીને તેમની સ્તુતિ કરે છે. તેઓ અન્ય દેવોમાં ઘંટ વગાડીને ઘોષણા કરે છે કે પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે.

### સમવસરણની રચના કયા સ્થાને કરવામાં આવે છે?

જે પ્રદેશમાં પરમાત્મા બિરાજમાન હોય એ પ્રદેશમાં પૂર્વોત્તર દિશામાં સમવસરણની રચના કરવામાં આવે છે, કારણ કે પૂર્વોત્તર દિશામાં પૉઝિટિવ એનર્જી વહે છે.

જ્યારે પરમાત્માને કેવળજ્ઞાન પ્રગટ થાય ત્યારે...

પૂર્ણ લોકમાં પ્રકાશ થાય છે

દેવલોકના દેવો અપ્રતિમ સુખ વચ્ચે અલગ આનંદની અનુભૂતિ કરે છે

જગતના દરેક જીવને સુખ અને શાંતિની અનુભૂતિ થાય છે

નરકના જીવોને પણ એક ક્ષણ માટે સુખની અનુભૂતિ થાય છે

### સમવસરણની રચના કોણ કરે છે?

સમવસરણની રચના દેવો દ્વારા કરવામાં આવે છે. એની સુંદરતા અવર્ણનીય અને અકલ્પનીય હોય છે. દેવતાઓ પાસે અનેક વિદ્યા અનેક લબ્ધિઓ હોય છે જેના ઉપયોગથી તેઓ ઉત્તમમાં ઉત્તમ અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવા સમવસરણની રચના કરે છે. બધા જ દેવોને પરમાત્મા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હોય છે. તેઓ પરમાત્મા પ્રત્યે પોતાના ભાવ, પોતાની સેવા શુદ્ધ ભાવથી અર્પણ કરે છે.

ઈન્દ્રની આજ્ઞાથી વાયુકુમાર દેવો સંવતર્ક વાયુ દ્વારા જ્યાં સમવસરણ બનાવવું હોય ત્યાંથી (૧ યોજન ક્ષેત્રમાં) ૧ યોજન - ૪ ગાઉ. ૧ ગાઉ- કિલોમીટર. માટે ૧ યોજન એટલે ૧૨ કિલોમીટરના **Area**ને સાફ કરે, કાંકરા, ઘાસ આદિ દૂર કરે અને જમીનને સમથળ બનાવે.

મેઘકુમાર દેવો (વરસાદ વરસાવવાવાળા દેવો) વાદળાંઓ ઉત્પન્ન કરી સુગંધી પાણીનો વરસાદ વરસાવે... વ્યંતર દેવો સુવર્ણ રત્નોની જમીનથી ભૂમિતલ બાંધે (**basement** બાંધે). ઋતુઓની અધિષ્ઠાયિકા

દેવીઓ ઘૂંટણ પ્રમાણ અચેત પુષ્પોની વૃષ્ટિ કરે.. સમવસરણ દેવો બનાવે માટે જ એની સુંદરતા અવર્ણનીય અને અકલ્પનીય હોય છે.

દેવતાઓ પાસે ઘણી વિદ્યા હોય છે. લબ્ધિ હોય છે, જેને કારણે તેઓ ઉત્તમમાં ઉત્તમ, શ્રેષ્ઠ રીતે સમવસરણની રચના કરે છે.

## ભક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ એટલે સમવસરણ.

## પરમાત્માનું સમવસરણમાં આગમન

પરમાત્મા સમવસરણમાં આગમન સમયે 'નમો તિત્થસ્સ' બોલી સિંહાસન પર પૂર્વ દિશામાં મુખ રાખી ત્રીજા ગઢ પર બિરાજમાન થાય છે.

દેશના આપ્યા પછી પરમાત્મા બીજા ગઢમાં, વ્યંતર દેવ દ્વારા બનાવવામાં આવેલા દેવ કક્ષમાં આરામ કરે છે.

દેવો, પરમાત્મા જે દિશામાં હોય એના સિવાયની બાકીની ૩ દિશામાં પરમાત્માની ૩ પ્રતિકૃતિ સ્થાપિત કરે છે જેથી પરમાત્મા ચારેય દિશામાં દેખાય છે.

## સમવસરણની રચના કેવી હોય છે?

### પહેલો ગઢ

પહેલો ગઢ ભવનપતિના દેવો બનાવે છે.

જે રૂપાનો હોય છે અને એમાં સોનાના કાંગરા હોય છે.

જેમાં દેવતાનાં વિમાનો, રાજાઓના રથ, હાથી, ઘોડા વગેરે વાહનો રાખવા માટેનો area, parking zone એટલે પહેલો ગઢ.

### બીજો ગઢ

બીજો ગઢ જ્યોતિષી દેવો બનાવે છે.

જે સોનાનો હોય છે અને એમાં રત્નના કાંગરા હોય છે.

તિર્યંચ  ગતિના જીવો જેમ કે બકરી, સિંહ, સાપ, નોળિયો બધાં પ્રાણીઓ પોતપોતાનાં પરસ્પરનાં વેર-ઝેર, ઝઘડા ભૂલી બાજુ-બાજુમાં બેસી પ્રભુની દેશના સાંભળે છે.

## ત્રીજો ગઢ

ત્રીજો ગઢ વૈમાનિક દેવો બનાવે છે.

જે રત્નોનો હોય છે અને મણિરત્નના કાંગરા હોય છે.

જેમાં સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, ગણધરો, મનુષ્યો, મનુષ્યાણી, કેવળજ્ઞાની વગેરે ત્રીજા ગઢમાં બેસી પ્રભુની દેશના સાંભાંળે છે.

## પ્રતિહાર્ય એટલે શું?

કેટલાક દેવો ઈન્દ્રની આજ્ઞાથી પ્રભુની સેવામાં રહે છે. તેઓ પ્રભુના પ્રતિહાર (સેવક) ગણાય છે. વ્યક્તિને સ્વામી પાસે લઈ આવે તેને પ્રતિહાર, દ્વારપાળ કહે છે. પ્રભુની સેવામાં ઉપ્ાસ્થિત દેવો જગતનાં પ્રાણીઓને પ્રભુ પાસે લઈ આવવા આશ્ચર્ય રચે  છે એ અદ્ભુત આશ્ચર્યો જોવા લોકો આકર્ષાય...

તેના દ્વારા જગતના સ્વામી પાસે પહોંચે છે માટે એ પ્રતિહાર્ય કહેવાય છે. દેવો ભગવાન પ્રત્યેની ભક્તિ દર્શાવવા અશોકવૃક્ષ વગેરે ૮ પ્રતિહાર્ય રચે છે.

**૧. અશોક વૃક્ષ :** શીતળ છાંયા આપે છે. એટલી ઠંડક પ્રસરાવે છે કે જાણે AC હોય એવું જ લાગે. અશોક વૃક્ષ બાર ગણું ઊંચું હોય છે.

**૨. પુષ્પવૃષ્ટિ :** એક યોજન સુધીના વિસ્તારમાં (area)માં અચેત પુષ્પોની વૃષ્ટિ અધિષ્ઠાયિકા દેવીઓ કરે છે. ફૂલ ઉપર અને ડીંટિયાં નીચે એ રીતે પુષ્પો પથરાય છે જે ગાલીચાનું કામ કરે છે. પુષ્પવૃષ્ટિ ઘૂંટણ સમાન હોય છે.

**૩. દિવ્ય ધ્વનિ :** પ્રભુની દેશના માલકૌંસ રાગમાં હોય છે જે યોજન સુધી સંભળાય છે. સાથે વીણા વગેરે કર્ણપ્રિય સંગીત પણ હોય છે.

**૪. ચામર :** પરમાત્માની બન્ને બાજુ દેવતાઓ ચામર વીંઝે છે જેથી હવા આવે અને પરમાત્માની ભક્તિ થાય.

**૫. સિંહાસન :** પ્રભુ જેના ઉપર બિરાજમાન થાય એ સિંહાસન સ્ફટિકનું બનેલું હોય છે.

**૬. ભામંડળ :** પરમાત્માના મસ્તકની પાછળના ભાગમાં એક દિવ્ય આભાયુક્ત પ્રકાશમય, તેજોમય આભામંડળ હોય છે જે બાર (૧૨) સૂર્યના તેજથી પણ વધારે તેજસ્વી હોય છે. એ અંધકારમાં દશે દિશાઓ પ્રકાશિત કરે છે.

**૭. દેવ દુંદુભિ :** ભુવન વ્યાપી દુંદુભિ... આ દેવોનું વાજિંત્ર (musical instrument) છે. પ્રભુની કિર્તિ ફેલાય, યશ ફેલાય એ રીતે નાદ કરીને ઘોષણા કરે છે... અહીં ત્રણે લોકના નાથ પધાર્યા છે. ધર્મ નરેશ્વર પધાર્યા છે.

**૮. છત્ર :** પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્ર હોય છે. પહેલું છત્ર નાનું, પછી એના નીચેનું બીજું છત્ર થોડું મોટું અને ત્રીજું છત્ર એકદમ મોટું હોય છે. પરમાત્માનો વિશેષ પ્રભાવ... ત્રણે લોક માટે આપ છત્ર સમાન છો.

## પરમાત્માની વિતરાગતા

ભવ્યાતિભવ્ય એવું સમવસરણ જે ફક્ત પરમાત્મા માટે બનાવવામાં આવ્યું છે. તો શું પરમાત્મા આ ભવ્યતાથી આકર્ષિત થાય છે?

શું પરમાત્મા આવું નયનરમ્ય દૃશ્ય નિહાળી ખુશ થાય છે?

સોના, ચાંદી, રત્નોથી સર્જાયેલા સમવસરણ પર ગર્વ કરે છે?

ના...!

પરમાત્મા ફક્ત અને ફક્ત અબોધ જીવો પર કરુણા વર્શાવે છે અને આપણને સાચી સમજણ આપે છે!

**Amazing Facts**

સમવસરણનો મહિમા એવો હોય છે કે જે શ્રમણે આ અલૌકિક સમવસરણનાં પહેલાં ક્યારેય દર્શન નથી ક્યાંર્ તેઓ ૧૨ યોજન પગે ચાલીને પરમાત્માનાં દર્શન કરવા આવે છે.

સમવસરણમાં બિરાજમાન પરમાત્માનું રૂપ અતિશય સુંદર હોય છે. જો બધા જ દેવો મળીને પણ એવું સુંદર રૂપ નિર્માણ કરવામાં સંપૂર્ણ વૈક્રિય-શક્તિ લગાડી દે તો પણ તીર્થંકર ભગવાનના ચરણના અંગૂઠાથી વધારે શોભાયમાન રૂપ ન રચી શકે.

જેમ લોકસભામાં સ્પીકર્સ hindi or english બોલે અને સામે વ્યક્તિને પોતાની languageમાં સમજાય એવી જ રીતે પરમાત્મા એક જ ભાષા અર્દ્ધ-માગધીમાં ધર્મોપદેશ આપે છે. પરંતુ ત્યાં ઉપસ્થિત દેવ, મનુષ્ય અને તિર્યંચ બધાને પોતપોતાની ભાષામાં સમજાઈ જાય છે.

પરમાત્માની દેશના

### પરમાત્મા કઈ ભાષામાં દેશના આપે?

પરમાત્મા અર્ધમાગધી ભાષામાં દેશના આપે છે.

સર્વ જીવો પરમાત્માની દેશના પોતાની ભાષામાં સાંભળી અને સમજી શકે છે.

દેવી-દેવતાઓની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ બને છે.

શ્રાવક-શ્રાવિકા વ્રત અંગીકાર કરે છે અને ૧૨ વ્રતના પચ્ચક્ખાણ લે છે.

ગણધર ભગવંત પરમાત્માની દેશનાને હૃદયસ્થ કરી શ્રી આગમોની રચના કરે છે.

પશુ-પક્ષીઓને પણ જાતિ સ્મરણ જ્ઞાન થાય છે અને તેઓ શ્રાવક ધર્મનો અંગીકાર કરે છે.

પરમાત્માની અનંત કરુણાનું પ્રાગટ્ય સ્થાન છે સમવસરણ,

## ✍ સેજલ કામદાર

## Jainam Jayati Shasanam WhatsApp-8898336677

=====================================